॥ સનાતન પરમો ધર્મ ॥

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં -૨૦૭૮ ● માગસર વદ-૧૪ ● તા : ૦૨-૦૧-૨૨ ● રવિવાર SDP NO:622 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

માંડવી ઝોનનું સ્નેહ મિલનનો અહેવાલ

શ્રી અ.ભા.ક.કડવા પાટીદાર સમાજ રચીત માંડવી ઝોન તથા પૂર્વ કચ્છ રીજીયન તેમજ માંડવી ડિવીઝનના સંયુકત ઉપક્રમે ગંગાપર ગામે સ્નેહમિલનનું આયોજન ઝોન પ્રમુખ કાન્તિભાઈ અમૃતિયાના અધ્યક્ષ સ્થાને ૨૬ ડિસેમ્બર ના રોજ આયોજન કરવામાં આવ્યું. જેમાં દિપ પ્રાગટય બાદ ગામની બાલીકા દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું. કોરોના કાળ દરમિયાન સમાજના સ્વજનો ના અવસાન અંગે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

શ્રી કેન્દ્રિય સમાજના ખજાનચી પ્રવિણભાઈ ધનાણી, નખત્રાણા સાથે મણીલાલ માવાણી, પ્રભારી દામજીભાઈ વાસાણી, પ્રવિણભાઈ ધોળુ, સહમંત્રી વિનોદભાઈ ભગત ભુજ વગેરે મંચસ્થ રહયા હતા .

કેન્દ્રિય સમાજના મંત્રી વિનોદભાઈ ભગતે દિવાળી બોણીનો શું ઉપયોગ થાય છે તે વિસ્તારથી સમજાવેલ અને ભુજ ખાતે શ્રીસમાજની ભૂમિ માટે ભૂમિદાન માટે ખુલ્લા દિલથી આહવાન કરેલ તેમજ ભુજ માંડવી, નખત્રાણા ખાતે કન્યા છાત્રાલયનો ઉપયોગ કરવા ભાર મુકેલ.

ગુજરાત સરકારે બસ માં આવ જાવ કરવા પાસ ફ્રી કરેલ છે ત્યારથી અપડાઉનમાં ખોટો સમય વેડફાય નહી તે માટે કન્યા છાત્રાલય પર ભાર મુકવામાં આવ્યો. કેન્દ્રિય સમાજના ઝોન પ્રભારી દામજીભાઈ વાસાણીએ શ્રીસમાજ આપણા દિકરા - દિકરી માટે ઉચ્ચ અભ્યાસની ચિંતા કરે છે. તેને મૂર્તિમંત્ કરવા માટે કટીબંધ છે તે વિસ્તારથી જણાવેલ. કેન્દ્રિય સમાજના ઝોન પ્રભારી પ્રવિણભાઈ ધોળુએ પોતે શ્રીસમાજ સાથે કામ કરતા કામના અનુભવો વર્ણવેલ અને માંડવી ઝોનની કામગીરીને વખાણેલ તેમજ સંસ્કારધામ ધર્મ પ્રચાર સમિતિ અને શ્રીલક્ષ્મીનારાયણ વિધા પ્રતિસ્થાન વિશે અહેવાલ આપેલ.પશ્ચિમ કચ્છ રીજીયન પ્રમુખ શાંતિભાઈ નાયાણીએ જણાવેલ કે શ્રીસમાજના કામ કરવા યુવાનો હંમેશા સાથે રહેશે તેની ખાત્રી આપેલ.

યુવાસંઘ ના રામસેતુ કાઉન્સીલ પ્રેસિડેન્ટ જયેન્દ્ર રૂડાણીએ સંગઠન પર ભાર મુકેલ અને તેઓએ જણાવેલ બોલવા કરતા કાર્ય માં વિશ્વાસ રાખો, તેવી શીખ આપેલ.

પૂર્વ કચ્છ રીજીયન ચેરમેન સુરેશભાઈ ભગતે રાજકીય શકિતને સમાજ પ્રેરીત બનવું પડશે, આપણી સમાજના મોટા ભાગના રાજકીય ક્ષેત્રવાળા સમાજને બાજુ મુકીને રાજકારણ રમતા હોય છે. તેથીસમાજને નુકશાન થાય છે.

પહેલા સમાજ પછી પક્ષ આ બાબતે હાજર રાજકીય કાર્યકર્તાઓને ટકોર કરેલ અને સંગઠન માટે લાયઝન ટીમ અને લીગલ ટીમ તૈયાર કરવી પડશે અને ફેસબુક અને ઈસ્ટાગ્રામ બંધ કરવું પડશે. પહેલા નાના પાયે ઘર તથા પરિવારથી પછી સમાજ લેવલે શરૂઆત કરવી પડશે.

જિલ્લા પંચાયત સદસ્ય ગંગાબેન સેંઘાણીએ જણાવેલ કે રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓ માટે જે અનામત સીટો છે તેનો લાભ લેવા જણાવેલ. દિકરા - દિકરીઓમાં વ્યસન અને ફેશન છેં. તેના વર્તનમાં ફેરફાર થાય તો પ્રથમ માબાપને ખબર પડવી જોઈએ. સમાજને દોષ આપવો ખોટો. યુવા ક્રાંતિદળના પ્રમુખ શૈલેષભાઈ પોકારે જણાવેલ કે વહુ નબળા ઘરની ચાલશે જમાઈ પૈસાદાર ઘરનો જોઈએ

આવા વિચારો જ સગપણ સમસ્યાનું મૂળ છે જેથી પૈસા નહી સંસ્કાર જોવા જોઈએ.

ખુલ્લા મંચમાં વિદ્યાબેન વાસાણી, જયાબેન રામાણી, અમૃતભાઈ દડગા, રવજીભાઈ વાસાણી ગોવિંદભાઈ દિવાણી, રવજીભાઈ રૂડાણી, લધાભાઈ દિવાણી વગેરેએ સમાજ ઉપયોગી સુચનો કર્યા હતા અને શ્રીસમાજના આમંત્રીત કર્ણધારો આવી શકયા ન હતા એનો ખાલીપો વ્યકત કરેલ અને આજકાલ છુટાછેડામાં ગુનો નકકી થતો નથી અને દંડ કરી છુટા કરી નાખવામાં આવે છે આવું ન થવું જોઈએ, જે પણ કારણ હોય ગૂનો નકકી થવો જોઈએ. સંસ્કારધામ વાડીની કેસર કેરીની પેટીઓ ઓછી વેચાશે તે ચાલશે પણ ત્યાં ભણતા છોકરાઓને ખાવા આપો વગેરે વગેરે...

પ્રમુખ સ્થાનેથી કાન્તીભાઈ અમૃતિયાએ જણાવેલ કે શ્રીસમાજની જે ફરજો છે તે પુરેપુરી નિભાવે છે તેમાં આપણે સૌએ સાથ આપવો પડશે ત્યારે જ આદરેલ કામો પુરા થશે.

આજના મુખ્ય યજમાન મનસુખભાઈ શીવજીભાઈ રામજીયાણી તેમજ સહયોગી દાતાઓનો સાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સનમાન કરવામાં આવ્યું. આભાર દર્શન ઝોન ઉપપ્રમુખ મગનભાઈ સેઘાણીએ તમામ ઝોન હોદેદારો તેમજ યુવાસંગ અને પધારેલ સર્વ જ્ઞાતિ જનો બહોળી સંખ્યામાં હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો ને બદલ સર્વેનો આભાર વ્યકત કરેલ.

સંચાલન ઝોન મંત્રી લખમશીભાઈ દિવાણી અને કચ્છ રિજીયન મિશન ચેરમેન અશોકભાઈ ઠાકરાણીએ સંભાળેલ.

સંયોજક : - ડાપાભાઈ માવાણી

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ, હરદા(મ. પ્ર.) દ્વારા આયોજિત આનંદ મેળાનો કાર્યક્રમ

હરદા સમાજવાડી ભવનમાં વર્ષના આખરી દિવસે આનંદમેળા નો કાર્યક્રમ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ ના સાંજે ૬:૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો.

જેમાં મહિલાઓ દ્વારા અલગ અલગ વાનગીયોના સ્ટોલ મુકવામાં આવ્યા હતા એવમ છોકરાઓ દ્વારા ગેમ્સના સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. સમાજના સર્વે પરિવાર જનોએ ખૂબજ ઉત્સાહ એવમ ઉમંગ સાથે આ પ્રોગ્રામને માણ્યો હતો.

કાર્યક્રમના અંતમાં નવયુવક મંડળ દ્વારા તંબોલા નો ગેમ્સ રાખવામાં આવ્યો હતો. જેમાં સર્વે વ્યક્તિઓ એ ઉત્સાહ સાથે ભાગ લીધો અને વિજેતાઓને નવયુવક મંડળના અધ્યક્ષ રમેશભાઈ વાસાણી દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવ્યું અને પ્રોગ્રામનું સંચાલન નવયુવક મંડળ ના મહામંત્રી આશિષભાઈ દડગા દ્વારા કરવામાં આવ્યું હતું.

અંત માં લક્ષ્મીનારાયણ ના જય સાથે કાર્યક્રમ ને પૂર્ણ કરવામાં આવ્યો

પ્રવક્તા:આશિષ દડગા

ચીખલીમાં ૨૦૨૧ ના આખરી દિવસે શરૂ થયો ક્રિકેટ ફેસ્ટિવલ

ચીખલી યુવા મડલ દ્વારા દમણગંગા ડિવિઝન ની ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૧ ના વર્ષ ના આખરી દિવસે પ્રારંભ, ઓપનિંગ ફંકશન માં ઝોન સમાજ ના મુખ્ય પદાધિકારીઓ ની હાજરી. સ્થાનિક સમાજ અગ્રણીઓ અને DGR રિજીયન યુવાસંઘ ના કર્ણધારો ની ઉત્સાહ ની ઉપસ્થિતિ, અદભુત આયોજન યુવાઓ દ્વારા અને સુંદર કેમેરા લાઈવ પ્રસારણ કરી ને આયોજન ની સજાવટ ની પ્રતીતિ કરાવે છે..

આજ થી ત્રણ દિવસ સતત ચાલનાર આ રમતગમત યુવાઓ ને ખૂબ જ પ્રીતસહિત કરશે.. અનેક સ્પોન્સર દ્વારા આ કાર્ય ને સહયોગ આપી ઉત્તમ આયોજન માં સહભાગી થયા છે.. આજ ની પહેલી મેચ વલસાડ પૂર્વ અને ચીખલી વચ્ચે રમવાનો પ્રારંભ કરવામાં આવ્યો.. ડીવીઝન ચેરમેન પ્રકાસ રૂડાણી અને સેકેટરી મનોજ ધનાણી નું આયોજન બેસ્ટ બને તે માટે સતત દમણગંગા ડિવિઝન માં સહુ ને પ્રોત્સાહિત કરેલ હતા.

ચીખલી યુવા મડલના પ્રમુખ નરેન્દ્ર રવાણીના નેતૃત્વ માં યુવા ને સંઘઠિત થયા..

જલગાવ મહિલા મંડળ ની જનરલ સભા અને હોદેદારો ની નિયુક્તિ

જલગાંવ મહિલા મંડળ
પ્રમુખ શ્રીમતી સુમિત્રાબેન નાકરાણી

જલગાંવ મહિલા મંડળ માનદ મહામંત્રી રંજનબેન ભાવાણી

શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ, જલગાંવ ની વાર્ષિક સામાન્ય સભા નવા વર્ષ ના દિવસે ૦૧ જાન્યુઆરી ૨૦૨૨ ના બપોરે ૦૩ કલાકે પટેલ વાડી શિવાજીનગર જલગાંવ ખાતે ભગવતીબેન જવાહરભાઈ લીબાણી ના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવી.

જેમાં જલગાંવ મહિલા મંડળની સર્વે બહેનો અને દીકરીઓ એ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. સૌ પ્રથમ દીપ પ્રગટાવીને મા ઉમિયા અને લક્ષ્મીનારાયણ ભગવાનના જયજયકાર સાથે સભાની શુરૂઆત કરવામાં આવી. ત્યારબાદ જલગાવ સમાજ પરિવાર માં જે દીકરીના લગ્ન થયા એમને કન્યાદાન આપવામાં આવ્યું.

તેમજ ગૃહિણી તરીકે જલગાવ સમાજ માં આવેલ પુત્રવધુ ના સન્માન કર્યુ જે પુત્રવધૂઓ એ એમનો પરિચય આપ્યો.

એમના પછી વાર્ષિક આવક જાવક ની રજુઆત ખજાનચી સરલાબેન પારસિયા દ્વારા કરવામાં આવી. ત્યારબાદ આગામી ૨૬ જાન્યુઆરીના રોજ વન મિનિટ ગેમસ અને આનંદ મેળા અંગેના કાર્યક્રમ ની જાણકારી આપવામાં આવી. ત્યારબાદ પ્રમુખ ભગવતીબેન દ્વારા દીકરીને લવ જેહાદ અને ઈતરજાતીય લગ્નથી ભવિષ્યમાં શુ નુકસાન થાય છે એની જાણકારી આપી અને એવા પગલાં ના ભરવા માટે ભલામણ કરેલ. સુમિત્રાબેને દીકરી, બહેનોને સાહસિક બનવા અને સ્વરક્ષણ પર માહિતી આપેલ હતી.

મહીલા મંડળની મીટિંગમાં મહિલા મંડળના આમંત્રણને માન આપી યુવક મંડળના પ્રમુખ અને મંત્રી થોડીક વાર માટે સભા માં ઉપસ્થિત રહેલ હતા. યુવક મંડળના પ્રમુખ દિપક પારસિયા એ બહેનો અને દીકરીને કોઈ પણ ઇતરજ્ઞાતી છોકરા સાથે મિત્રતા કરવામાં શુ નુકસાન થાય છે અને કેમ એ મિત્ર બની આપણો ગેરઉપયોગ કરી અને મુસીબત મા મુકે છે એમની સમજણ અને માહિતી આપી. સાથે આગળ ના આવનાર સમય માં સમાજના દીકરા અને દીકરીઓ સાથે મળી ને પ્રોજેક્ટ કરો એવું આહ્વાન યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું. રંજનબેને સાઈબર ક્રાઈમની જાણકારી આપી, સાથે સનાતન ધર્મ પત્રિકા અને કેન્દ્રીય સમાજ, યુવાસંઘની ગતીવિધી ની વિગતવાર જાણકારી આપી હતી.

સમસ્ત સભા નું સુંદર અને સફળ સંચાલન મંત્રી રંજનબેન ભાવાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને આ સાથે વર્તમાન ટીમ નો કાર્યકાળ પુર્ણ થતાં ટીમને બરખાસ્ત કરી આવતા ૦૨ વર્ષ માટે નવી ટીમનુ ગઠન કરવામાં આવ્યું.

જેમાં પ્રમુખ તરીકે સુમિત્રાબેન નાકરાણી, ઉપપ્રમુખ મંગળાબેન નાકરાણી, મહામંત્રી રંજનબેન ભાવાણી, મંત્રી સરલાબેન પારસિયા, ખજાનચી તુલસીબેન સાંખલા, સહ ખજાનચી ચંદ્રિકાબેન લીબાણી અને કારોબારી સભ્ય તરીકે રીનાબેન નાકરાણી, મનીષાબેન પારસિયા, હર્ષાબેન લીબાણી, વનીતાબેન મેઘાણી, અંજનાબેન નાકરાણી અને ભાવિકાબેન ચોહવાણ ને

જલગાવ મહિલા મંડળ ની નવરચિત ટીમ જાહેર કરવામાં આવી અને છેલ્લે રાષ્ટ્ર ગીત સાથે સભાની પુર્ણ કરવામાં આવી.

સૈંયોજક :રંજનબેન ભાવાણી, જલગાંવ

વ્યવસાયના દૃષ્ટિકોણથી મહિલા ઉત્થાન માટે સતત પ્રયાસો વચ્ચે વિમોચન

ગાંધીધામ ચેમ્બરની મહિલા પાંખે 'બોસ લેડીસ ઓફ કચ્છ' ડિરેક્ટરી કરી પ્રકાશિત

મહિલાઓ વચ્ચે ઝડપી અને સરળ સંકલનની કરાઈ હિમાયત

કચ્છની અગ્રણી વેપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની મહિલા પાંખ દ્વારા તાજેતરમાં ચેમ્બર ભવન મધ્યે મહિલા પાંખ દ્વારા બોસ લેડીસ ઓફ કચ્છ નામની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગાંધીધામ ચેમ્બર દ્વારા મહિલાઓ માટે એક પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જેમાં મહિલા પાંખ વ્યવસાયના દૃષ્ટિકોણથી મહિલા ઉત્થાન માટે સતત પ્રયાસો કરી રહી છે. ગાંધીધામ ચેમ્બરની મહિલા પાંખના હોદેદારોના સઘન પ્રયત્નોથી આ ડિરેક્ટરી પ્રસિદ્ધ કરાવવામાં આવી છે. ફેબ્રુઆરી, ૨૦૨૧માં મહિલા પાંખ દ્વારા યોજાયેલ બેઠક દરમ્યાન ડિરેક્ટરી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ લેવાયો હતો. વર્તમાન કન્વીનર સંગીતા શાહ ઉપરાંત ડૉ. કાયનાત અંસારી આશા અને તત્કાલીન કન્વીનર ઊર્વી જૈન સહિતની હાજરીમાં આ ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રકારની ડિરેક્ટરીથી કચ્છની વ્યવસાય સાથે જોડાયેલી મહિલાઓ વચ્ચે સંકલન વધુ ઝડપી અને સહેલાઈથી થઈ શકશે અને વ્યવસાય ક્ષેત્રે વિચારોનું અને પ્રોજેક્ટોનું આદન પ્રદાન પણ વધુ સરળ થઈ શકશે. ગાંધીધામ

ચેમ્બરની મહિલા પાંખ દ્વારા વિવિધ પ્રકારના સેમિનારો જેવા કે, ડિજિટલ માર્કેટિંગ, સ્વાસ્થ્ય વર્ધક જાગૃતતા તથા કોરોના જેવા કપરા સમયે ફૂડ પેકેટ અને ધાબળા વિતરણ તથા તૌકતે વાવાઝોડામાં ચેમ્બર તરફથી કરવામાં આવેલ સખાવતી કાર્યમાં પણ નાણાકીય ફાળો આપેલ છે. આ પ્રસંગે ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ અનિલકુમાર જૈન અને ઉપ પ્રમુખ તેજાભાઈ કાનગડ ઉપરાંત જીસીસીઆઈ વુમન વિંગના છાયા ચૌહાણ,ઋતુ ગોયલ, અંજલિ કાનગડ, સારિકા ગાંધી, અસ્મિતા બલદાણિયા, જાગૃતિ ઠક્કર, મમતા આહુજા, અર્ચના જૈન અને નીલમ તિર્થાણી ઉપસ્થિત રહ્યા હતા, તેવું ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ યાદીમાં જણાવ્યું છે.

અંગદાન મહાદાન, ચૌધરી પરિવાર નડિયાદ નું સન્માન

આપણી સનાતન સંસ્કૃતિમાં દાનનો અનોખો મહિમા છે. ગુરુના ચરણે સર્વસ્વનું દાન હોય કે કૃષ્ણના શ્રીચરણે સઘળા સંશયોનું દાન હોય, ગરીબોને ભોજનનું દાન હોય કે મંદિરોમાં રોકડા રૂપિયાનું, સમાજની વાડીઓ વિવિધ સુવિધાઓ વધારવા થતું દાન હોય કે કુંવારી કન્યાઓને જમાડીને પુણ્યનું ભાથું બાંધવાનું હોય.

પણ આજના અપાર અનિશ્ચિત્તતાઓથી ભરેલા સમયમાં અંગદાન કદાચ શ્રેષ્ઠ અને મહાદાન છે, કારણ કે એ આપણને મર્યા પછી પણ જીવતા રહેવાનો અને એ રીતે બીજાના જીવનમાં પણ પ્રકાશ ફેલાવવાનો અનોખો અવસર આપે છે. જીવતેજીવ કંઈ દાન કરી શકીએ કે નહી એ અલગ વાત છે, પણ મૃત્યુ પછી આપણા અંગોથી કોઈ બીજું જીવી શકે એ વાત વિચારવી જે કેટલી આશા જન્માવનારી છે.

આવીજ એક ઘટના ખેડા ઝોન (સંતરામ વિભાગ) માં નડિયાદ ખાતે બની હતી.તા. ૨૯/૧૨/૨૦૨૧ ના રોજ નડિયાદ નિવાસી વડીલ સ્વ. શ્રી મનજીબાપા લાલજીભાઈ ચૌધરી (કચ્છમાં ખીરસરા, નેત્રા) નું ૯૯ વર્ષ ની ઉમરે દુઃખદ અવસાન થયું હતું. તેમના સેવાભાવી સ્વભાવ ના લીધે મૃત્યુ પછી પણ સેવા

થાય તેવી તેમની ઈચ્છા ને ધ્યાન માં રાખીને તેમના પરિવાર દ્વારા તેમનું ચક્ષુદાન અને અંગદાન કરાયુ હતું. તેમના દીકરા ડોકટર સુધીર ચૌધરી, સુરત દ્વારા તેમને જીવતે જીવ જ સંકલ્પ જાહેર કરેલ હતો. યુવાસંઘ ના આ સરાહનીય કાર્ય માં તેમના પરિવાર અને સ્નેહીમિત્રો એ પણ અંગદાન ના સંકલ્પ કરેલ છે. આ કાર્ય માં ડોકટર સુધીર પટેલ, સુરતનો અભિગમ સહુને પ્રેરણા આપે છે. વડીલ નું ક્રિયાકર્મ પણ તેઓ ની હયાતીમાં ખુશી ખુશી કરેલ છે.

પરિવાર ના વધુ ને વધુ સગા સ્નેહીઓ આ જીવતે જીવ અંગદાન નો સંકલ્પ જાહેર કરે તે માટે તેઓ દ્વારા સતત ઝુંબેશ ચાલવાય છે અને આ કાર્ય નું સંકલ્પ પત્ર પણ યુવાસંઘ ના હેલ્થ અને ડિઝાસ્ટર મિશન દ્વારા ૨૦૧૦ થી સહુ ને આપવામાં આવે છે.

સ્વ.મનજીબાપા ના અંગદાન સંદર્ભે નડિયાદ ખાતે તેમનું સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગ માં સંતરામ વિભાગીય સેક્રેટરી જીજ્ઞેશ સુરાણી, ડાકોર સમાજ મંત્રી ગૌતમ નાયાણી, ભૂતપૂર્વ વિભાગીય સેક્રેટરી નરેશ પારસીયા, IPP મધ્ય ગુજરાત ઝોન પ્રમુખશ્રી ધનજીભાઈ સાંખલા, નડિયાદ પ્રમુખશ્રી તથા નડિયાદ યુવક મંડળની પુરી ટીમ ઉપસ્થિત રહેલ અને કુદરત ના પર્યાય બનનાર ને સલામી આપી મરણોત્તર સન્માન કરવામાં આવેલ.

તેમના ધર્મ પત્ની સ્વ. કાંતા બેને પણ આજથી ૧૨ વર્ષ પહેલાં અંગદાન અને ચક્ષુદાન કર્યું હતું.

સ્વ. મનજીબાપા નું આ મહાદાન આપણા સૌના જીવનમાં અનિશ્ચિત્તતાઓનો વિચાર કરીને મૃત્યુ પછી આપણા અંગો દાન આપી શકીએ એ માટે પ્રેરણા આપે છે. વડીલ શ્રી સ્વ. મનજીબાપા અને સ્વ. કાંતાબેન તથા તેમના પુરા પરિવાર નો સરદાર પટેલ રીજીયન આ મહાદાન માટે ખુબ ખુબ આભારી છે. હેલ્થ અને ડિઝાસ્ટર મિશન

સરદાર પટેલ રીજીયન PRO બિજોય ભાવાણી (પેટલાદ)



ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે ઉજી જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ટાઉન હોલ, ભુજ ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ખેડૂતોના મેળાવડા માટે તમારી હાજરીની વિનંતી. બપોરનુ ભોજન શાથે લેશુ

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org

Dt. 01-Jan-2022

વિષય : શ્રીસમાજની આગામી કાર્યશાળા અને કારોબારી સભા અંગે

કાર્યશાળા અને કારોબારી સભાના આમંત્રિતશ્રીઓ

અમદાવાદ સુવિધા કેન્દ્ર ખાતે શ્રીસમાજના પ્રમુખશ્રી, અબજીભાઈ કાનાણીની સાથે મુખ્ય હોદ્દેદારશ્રીઓ તથા અમદાવાદ ઝોન સમાજના પ્રમુખશ્રી CA.આર.એન.પટેલ અને તેમના હોદ્દેદારો સાથે વર્તમાન કોરોના સ્થિતિ અંગે આગામી કાર્યશાળાની સમીક્ષા કરવા મળ્યા હતા. સમાજના વિવિધ ઝોનમાંથી વર્તમાન કોરોનાની સ્થિતિ અંગે મિશ્ર મંતવ્ય આવતા હતા. જેના ભાગરૂપે રૂબરૂ અમદાવાદ ખાતે સ્થિતિની સમીક્ષા કરવા ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જાત તપાસ કરતા અમદાવાદની પરિસ્થિતિ હાલ રાબેતા મુજબ છે . સરકારશ્રી તરફથી આ અંગે કોઈ ગાઈડલાઈન બદલાઈ નથી, આ બેઠકમાં હાજર ડોક્ટર મિત્રોના પણ આ અંગે મંતવ્યો લેવામાં આવ્યા હતા. આમ યજમાન ઝોન સાથે સમીક્ષા કરતા હાલ કાર્યશાળા અને કારોબારી સભા લેવામાં કોઈ વાંધો આવે તેમ નથી. આપ સૌના આતિથ્ય સત્કાર માટે અમદાવાદ ઝોન દ્વારા ઉમળકાભેર તૈયારી કરવામાં આવી રહી છે. તેથી આપણે સહુ સમયસર કાર્યશાળામાં પહોંચીએ છીએ.

અગમચેતીના ભાગરૂપે કોરોનાની ગાઈડલાઈન મુજબ જરૂરી કાળજી સાથે આપણે આપણો કાર્યક્રમ યથાવત રાખીએ છીએ જેની સર્વે કાર્યશાળાના અપેક્ષિતોએ નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

લી, પુરષોતમભાઈ રવજીભાઈ ભગત મહામંત્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મો.૯૮૨૪૫ ૩૩૧૦૦

નર્મદા લાવીએ ... કચ્છ બચાવીએ ...કિસાન સંઘ કચ્છ

ચાલો નખત્રાણા.....ચાલો નખત્રાણા .... ચાલો નખત્રાણા ....

જળ એજ જીવન ભારતીય કિસાન સંઘ કચ્છ જીલ્લા આયોજીત કચ્છને નર્મદાનાં નીર માટે થયેલ અન્યાય સામે ધરણાનો કાર્યક્રમ જય બલરામ સહ જણાવવાનું કે, આપણા કચ્છને બચાવવા આજથી વર્ષો પહેલા સરદાર સરોવર ડેમ બનાવવા માટેનું આયોજન થયેલ અને આ ડેમનું પાણી કચ્છના બોર્ડર વિસ્તાર સુધી પહોંચે અને આ પાણી પીવા માટે તેમજ કચ્છની ખેતીવાડી પશુધન બચાવવા માટેનું આયોજન થયેલ પણ આજ વર્ષો થયાં પણ આપણું પાણી એટલે કે કચ્છ નું પાણી કચ્છને નહિ મળતા આખા ગુજરાત ભરમાં કેનાલો દ્વારા આપવામાં આવ્યું પણ આપણા કચ્છ ને ધરાર અન્યાય કરવામાં આવ્યો છે.

અભિયાન અંતર્ગત આપણે સહુએ નાત જાત ભુલ્યા વગર સમગ્ર સમાજ, તમામ સંગઠન તેમજ બધા એશોશિયનો સાથે મળી સરકાર સામે આવાજ ઉઠાવીએ કે ★નર્મદાનું પાણી નહીં તો કચ્છનું ખનીજ નહીં એવું આવાહન કરીએ . આવો સહુ સમાજ સાથે મળી આ ધરણાના કાર્યક્રમને સફળ બનાવીએ. **નર્મદા લાવીએ કચ્છ બચાવીએ ....**

કચ્છની પ્રજાથી ઓરમાયુ વ્યવહાર કરવામાં આવેલ છે . તો આની સામે આપણા કચ્છમાંથી બહુ મોટી સંખ્યામાં ખનીજ જેવા કે લીગ્નાઈટ, બોકસાઈટ, બેન્ટોનાઈટ, નમક આવું મોટી પ્રમાણમાં ખનીજ બહાર જાય છે. તેની સામે

આપણા કચ્છને કોઈજ વળતર નથી. આના શિવાય આપણા કચ્છની અંદર મોટા ત્રણ બંદરો કંડલા, મુન્દ્રા તેમજ જખૌ બંદરોની મોટી આવકનો ફાયદો ગુજરાતને થાય છે. તો હવે આપણે સૌ કચ્છી પ્રજાજનોને બચવું હશે, આપણા દેશની બોર્ડર બચાવી હશે તો આ એકજ વિકલ્પ છે.

નર્મદા લાવો કચ્છ બચાવો

ધરણાનું સ્થળ- મામલતદાર ઓફીસ, નખત્રાણા.

સમય તારીખ : ૦૩-૦૧-૨૦૨૨ , સોમવાર સવારે ૧૦ થી ૧

આપણી ભાવિ પેઢી માટે પશ્ચિમ કચ્છના અસ્તિત્વ માટે પશ્ચિમ કચ્છના બોર્ડર વિસ્તારના સંરક્ષણ માટે આપણા જન - જન ના વિકાસ માટે ગાય માતા અને અબોલા જીવોના સંરક્ષણ માટે..

જય બલરામ... જય કિસાન..

આવો સાથે મળીને કરીએ લડત નર્મદાના પાણી મેળવા માટે (ધરણા) કાર્યેક્રમ મા પધારવા માટે પ્રચાર કરવા ના હેતુસર ભવ્ય (બાઇક) રેલી નુ આયોજન કરવામા આવયુ છે. તો દરેક સમાજના યુવાનો મોટી સંખ્યા મા જોડાવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

તા ૦૨/૦૧/૨૦૨૨ ના બપોર ૪:૦૦ કલાકે આશાપુરા મંદીર નખત્રાણાથી બાઇક રેલી પ્રસ્થાન કરવામા આવેશે તો સહુ હાજર રહેવા આમંત્રણ પાઠવામા આવે છે.. કિસાન સંઘ નખત્રાણા.

CSR રિજીયનમાં સોલાપુર મધ્યે YSK સહયોગનિધી નો પ્રથમ ચેક અર્પણ